Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


વૈશાખ

પુસ્તક ૭૫ મું
અંક ૭
૧૦મી મે

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯


तहियाणं तु भावाणं,
सब्भावे उवएसणं ।
भावेणं सद्दहन्तस्स,
सम्मत्तं तु वियाहियं ॥

તથ્ય–સત્ય પદાર્થોની ખરી અસ્તિતાના ઉપદેશ વિષે જેના ચિત્તમાં પાકો વિશ્વાસ હોય–પાકી શ્રદ્ધા હોય તેનામાં સમ્યક્ત્વનો ગુણ પ્રગટે છે એમ કહેલુ છે, અર્થાત્ એ ઉપદેશ વિષે અચળ શ્રદ્ધા રાખવી તેનું જ નામ સમ્યક્ત્વ.

नाणेण जाणइ भावे,
दंसणेण य सद्दहे ।
चरित्तेण निगिण्हाइ,
तवेण परिसुज्झइ ॥

સાધક મનુષ્ય પોતે જ્ઞાનવડે એ તથ્ય ભાવોને જાણી લે છે–સમજી લે છે, પછી દર્શનવડે તે ભાવો વિષે સાધકને પાકી શ્રદ્ધા થાય છે–વિશ્વાસ જામે છે. પાકી શ્રદ્ધા થયા પછી ચારિત્રવડે–આચરણોદ્વારા સાધક પોતાનાં મન, વચન અને શરીરને નિયમનમાં–નિગ્રહમાં રાખવા તત્પર થાય છે અને એ નિગ્રહરૂપ તપદ્વારા સાધક પોતે શુદ્ધ પવિત્ર બને છે. વાસના વગરનો–કષાયો વગરનો સ્થિતપ્રજ્ઞ થઇ વીતરાગની ભૂમિકાએ પહોંચે છે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૫ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | सतीसूक्तषोडशिका .... .... | ( પં. શ્રી ધુરંધરવિજયજી ) | ૮૧ |
| ૨ | श्री महावीरस्वामी स्तवन .... .... | ( શ્રી તેજરાજ લક્ષ્મીચંદજી ) | ૮૨ |
| ૩ | પ્રાચીન શ્રી વીર જિન સ્તવન .... .... | ( સંપા૦ શ્રી મોહનલાલ ગિરધર ) | ૮૩ |
| ૪ | બુદ્ધિ અને શ્રદ્ધા .... .... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૮૪ |
| ૫ | અધૂરું સ્વપ્ન .... .... | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૮૭ |
| ૬ | 'ચન્દ્ર' ગચ્છના સિદ્ધસેનસૂરિ અને એમનો ગ્રન્થરાશિ | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૮૯ |
| ૭ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૨૩ | ( અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી ) | ૯૨ |
| ૮ | श्रीमद् देवचन्द्रजी का एक अप्रकाशित पद | ( શ્રી અગરચંદ નાહટા ) | ૯૫ |
| ૯ | સાધુ અને શ્રાવકના ભેદ .... .... | ( મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી ) | ૯૬ |


### સંયુક્ત અંક

હવે પછીનો જેઠ-અષાઢ માસનો સંયુક્ત અંક તા. ૧૦ મી જુલાઈ અશાડ શુદિ ૪ના રોજ પ્રગટ થશે તેની ગ્રાહક બંધુઓને નોંધ લેવા વિજ્ઞપ્તિ છે.

### પૂજા ભણાવવામાં આવશે

આપણી સભાના પરમ ઉપકારી પૂજ્ય શાંતમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજશ્રીની સ્વર્ગવાસતિથિ નિમિત્તે વૈશાખ શુદ ૮ ને શનિવારના રોજ સવારના નવ કલાકે તેઓશ્રીની મૂર્તિ સમીપે સામાયિકશાળામાં શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવશે.

### ખેદકારક સ્વર્ગવાસ

**શ્રી નરોત્તમદાસ કેવળભાઈ**

શ્રી નરોત્તમદાસ કેવળભાઈ ચૈત્ર વદિ છઠ્ઠ ના રોજ ૭૨ વર્ષની ઉમરે મુંબઈ ખાતે સ્વર્ગવાસી થયા છે. તેઓએ આપબળે આગળ વધી ધાર્મિક ક્ષેત્રોમાં સારો દ્રવ્યવ્યય કર્યો હતો. તેઓ તપસ્વી જીવન ગાળતા હતા તેમજ તીર્થયાત્રાઓ ઘણી કરી હતી. આપણી સભાના વર્ષોથી લાઈફ મેમ્બર હતા તેમજ સભાના કાર્યમાં સારો સહકાર આપતા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૫ મું અંક ૭ | વૈશાખ | વીર સં. ૨૪૮૫ વિ. સં. ૨૦૧૫ |
|---|---|---|


## सतीसूक्तषोडशिका

### ३. राजिमती

नरपतिवरतनया विदितनया वयआप्तवती मधुरं मधुरं किलकामधुरम् ।
यदुपतिमनुरक्ता सततंसक्ता व्रतवति भगवति मोहमिता मनसा दमिता ॥
नवभवसम्बन्धं प्रणयप्रबन्धं स्मारं स्मारं यातवती जिनमेकगतिः ।
श्रितजिनवरचरणा शिवपदशरणा सिद्धरमणसुखमाप्तवती श्रीराजिमती ॥ ३ ॥

### ४. द्रौपदी

पाञ्चालीश्रुतया पाण्डववृतया स्थिरदर्शनयाऽनतिचरितं वसुधा चरितम् ।
प्रकुपितनारदया पद्माऽऽहृतया हरिसंप्रापितया मुदितं विदितं विदितम् ॥
पतिसंरक्षितया गहनं गतया नतया न त्तया शं गणितं कुशलं रचितम् ।
श्रुतविगतचरितया द्रुपदात्मजया नेमिसमीपे संयमितं ब्रह्मस्वरितम् ॥ ४ ॥

( क्रमशः )

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री महावीरस्वामी स्तवन

दुखहर महावीर सुखकर महावीर,
तुम हो प्रभु वीरण के बीर ॥ टेर ॥

त्रिसलामाता रानी का नन्दा,
सिद्धार्थ कुल पूनमचन्दा,
प्रभु अनन्त गुणों की खान ॥ १ ॥

त्रिपदी प्रभू स्वमुख से भाखी,
गणधर कीनी है रचना द्वादसांगी,
तुम अभावे एहनो है आधार ॥ २ ॥

विरोधी जन को प्रभु तुमने तारा,
गोसाला और चन्डकोशिक को उगारा,
प्रभु सम दृष्टि हो आप ॥ ३ ॥

समवसरण में बैठ के देसना दीनी,
अमृत समान लागे है मीठी,
सुनता पाप पलाय ॥ ४ ॥

श्रेणिक सुलसा को प्रभु जिनपद दीना,
कर उपगार आप समान कीना,
हमको भी प्रभु मोटी है आशा ॥ ५ ॥

वर्तमान शासन प्रभु तुम्हारो,
गच्छ कदाग्रहमें फँसायो,
कौन साचो कौन झूठो क्योंकर जनियो जाय ॥ ६ ॥

कलिकाल अपनो प्रभाव बतावे,
धर्मिजन की हँसी उडावे,
कहे कि करे पाप और खावे धाप ॥ ७ ॥

अन्तसमय प्रभु पावापुर आवे,
अखँड देसना-जल बरसावे,
विनय मूल धर्म बतायो आप ॥ ८ ॥

आप प्रभु अब जल्दी पधारो,
लक्ष्मीचन्द को पार उतारो,
नित उठ जोउँ बाट ॥ ९ ॥

—શ્રીયુત તેજરાજ લક્ષ્મીચંદજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન શ્રી વીરજિન સ્તવન

( સમેતશિખરગિરિ જઇએ એ-દેશી )

ચાલો દેખણ જાઈએ હાંરે સખી જનમ્યા વીર જિણંદ,
દસ દિસી થઇ રલીયામણી હાંરે ત્રિભુવન જન આણંદ. ચા૦ ૧

વિકસી સયલ વસુંધરા હાંરે વાયા વાય સુવાય,
ત્રિભુવન અજવાલુ થયુ હાંરે નારક સુખીયા થાય. ચા૦ ૨

ઘર ઘર રંગ વધામણા બાંધ્યા તોરણ બાર;
કેશર ચંદન છાંટણા હાંરે હઇડે હરખ અપાર. ચા૦ ૩

ચહુટે ચોકે શેરીએ હાંરે સુરભિ જલ છંટકાવ;
ધૂપઘટી પણ મહમહે હાંરે નવનવ કુસુમ બનાવ. ચા૦ ૪

વાજીંત્ર વાજે નવનવા હાંરે પગ પગ નામે પત્ર,
જય જય શબ્દ સોહામણા હાંરે બોલે બંદી છાત્ર. ચા૦ ૫

પ્રભુ જન્મ મહોત્સવ હરખતા હાંરે આવે અમરકુમાર;
દેખી પ્રભુ મુખ ચંદલો હાંરે સફલ ગણે અવતાર. ચા૦ ૬

ટોળે મલી ભમરી દીએ હાંરે રમતી પ્રભુના પાસ;
એક ટોળા વિચિ છલ કરી હાંરે આવે પ્રભુના પાસ. ચા૦ ૭

એક પ્રભુને હઇડે ધરે હાંરે એક છલ કરી લઇ જાય;
દેવ કુસુમ દેખાડતી હાંરે એક પ્રભુ લ્યે બલલાય. ચા૦ ૮

એક કરે ઉવારણા એક કરે અરદાસ;
મોહી પ્રભુ મુખ મરકલે એક ન છોડે પાસ. ચા૦ ૯

એક પ્રભુને અણપામતી હાંરે બોલે એવા બોલ;
જોઇ આવું વીરજી હાંરે આ છે મારો કોલ. ચા૦ ૧૦

એક કહે રીસે ભરી હાંરે સહુને સરખી હુંસ;
કાં પ્રભુ ફિરિ નથી આવતી હાંરે વહિતા મુંક્યા સુંસ. ચા૦ ૧૧

મનમાંહે ત્રિભોવનતણાં હાંરે પ્રભુનું અકલ સરૂપ;
સમકિત હોવે નિર્મળો હાંરે દીઠે જેનું રૂપ. ચા૦ ૧૨

એ પ્રભુ સુરતરુ સારિખો હાંરે પૂરે મનના કોડ;
વિમલવિજય ઉવજ્ઝાયનો વંદું બે કર જોડ.* ચા૦ ૧૩

સંપાદક **મોહનલાલ ગિરધર-પાટણ.**

* વિ. સં. ૧૭૭૮ માં શ્રી સુંદરવિજયજી ગણિએ લખેલ ગૂટકામાંથી ઉધ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બુદ્ધિ અને શ્રદ્ધા

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

કોઇપણ વસ્તુનું સાચું સ્વરૂપ જાણવા માટે આપણે આપણી પાંચે ઇંદ્રિયોનો ઉપયોગ કરીએ છીએ, છતાં વસ્તુનું જ્ઞાન થાય છે જ એમ આપણે કહી શકતા નથી, કારણકે ઘણી વસ્તુઓનું સાચું જ્ઞાન થાય તે માટે મનનો પણ ઉપયોગ કરવો પડે છે. આપણે હમણા પ્રારંભ કરીશું તો ઇચ્છિત સ્થળે જવા માટે અમુક કાળ લાગશે એ જ્ઞાન કાંઇ ઇંદ્રિયોથી જ થઇ જતું નથી. એ માટે આપણે મનનો ઉપયોગ કરવો પડે છે. અમુક આગળ આવેલી વસ્તુ ખાવી કે કેમ, અગર વાપરવી કે કેમ એ ઠરાવવાનું સાધન મન એ જ છે. એટલે જ્ઞાનેંદ્રિયો દ્વારા વસ્તુને જાણવાનું હોય અને મનની આજ્ઞા મેળવી કર્મેંદ્રિયો જેવા કે હાથ પગ વિગેરેથી તે વસ્તુ પ્રાપ્ત કરી લેવી કે છોડી દેવી તેનો નિર્ણય આપણે મેળવી લઇએ છીએ. મનથી આપણે અમુક નિર્ણય કાયમ કરવા પહેલા આપણી પાસે બુદ્ધિ નામક એક અપૂર્વ અને અમોઘ સાધન હોય છે, તેનો પણ આપણે ઉપયોગ કરીએ છીએ. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, આપણી બધી હીલચાલો અને કાર્યોમાં આપણે ઇંદ્રિયોનો ઉપયોગ કરીએ છીએ તેમ મનનો પણ ઉપયોગ કરવો પડે છે. તેવા જ રીતે બુદ્ધિથી ઘણા નિર્ણયો આપણે લઇએ છીએ.

એ વિવેચન ઉપરથી આપણે જે સ્થૂલ એવું ઔદારિક શરીર હોય છે તેમ બીજા આંખે નહીં દેખાનારા અદૃશ્ય એવા અતીંદ્રિય શરીરો પણ હોય છે. અને એ સૂક્ષ્મ શરીરોમાં ચાલતી હીલચાલોનો અનુભવ આપણને ઘડી ઘડી થાય છે. આપણે આંખે આમલી જોઇએ છીએ, ત્યારે તેને સ્પર્શ કર્યા પહેલા જ આપણા મ્હોંમાં પાણી છૂટે છે. એ લેવા આપણા હાથ તત્પર થાય છે. હાથમાં લીધા પછી વિચાર સ્ફુરે છે કે, આ ખાવાથી કદાચ ખાંસી આવશે અને શરદી થશે. એવો વિચાર સ્ફુરતા આપણે તે દૂર ફેંકી દેવાનો પ્રયત્ન કરીએ છીએ. એટલામાં બીજો વિચાર સ્ફુરે છે કે, આટલી થોડી આમલીથી કાંઇ ઝાઝું બગડી જવાનું નથી, માટે વાપરવામાં વાંધો નથી. એ બધી ઘટનાઓ ક્ષણવારમાં થઇ જાય છે. પણ એના બધા આંદોલનો શરીરમાં તો શું પણ આપણી વાસનામાં, મનના અનેક ભાગોમાં અને બુદ્ધિમાં પણ થઈ ગએલા હોય છે, એ ભૂલી શકાય તેમ નથી.

એ વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે, આપણા આ હાડ, માંસ અને લોહીના બનેલા શરીર કરતા પણ આપણું જીવન ઘડનારા એવા બીજા પણ શરીરો કહો કે આવરણો વિદ્યમાન છે. અને આપણા જડ શરીરની પેઠે જ એ શરીર ઉપર પણ અનેક જાતના પરિણામો થયા જ કરે છે. એ આવરણો કે શરીરો છે-વાસના, મન અને બુદ્ધિના. કોઈ ધર્મ-શાસ્ત્રકારો મનુષ્યના પાંચ શરીરો માને છે, અને કોઈ સાત શરીરો માને છે. એ તો જુદા જુદા અભ્યાસકોના નિર્ણયનો પ્રશ્ન છે, પણ આ જડ જણાતા શરીર કરતા નહીં જણાતા પણ અનુભવમાં આવતા બીજા શરીરોનું અસ્તિત્વ છે એમાં શંકાને સ્થાન નથી. ઘણી વખત વિચારકો પણ પોતાના વિધાનો પ્રગટ કરતા એ વસ્તુ ભૂલી જાય છે અને કહે છે કે, અમારી બુદ્ધિને અમુક ઘટના સાચી જણાતી નથી. અને બુદ્ધિમા ન આવે એ વસ્તુ તદ્દન ખોટી હોવી જોઇએ, કારણ એ અમારી બુદ્ધિને સત્ય લાગતી નથી. કોઈપણ વસ્તુની સાચા ખોટા-પણાની પરીક્ષા અમારી બુદ્ધિની કસોટી ઉપર ઘસીને અમો જોઈ પારખી લઇએ છીએ. અમારી બુદ્ધિને જે માન્ય ન હોય તે વસ્તુ અમો માનીશું નહીં. એવી ભાષા જે લોકો બોલે છે તેઓ મનુષ્યના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા જુદા કાર્યક્ષમ શરીરો હોઇ શકે એ ઘડીભર ભૂલી જ જાય છે.

અમારી બુદ્ધિને અમુક વસ્તુ સત્ય ભાસતી નથી માટે એ વસ્તુ ખોટી જ હોય એમ માનનારા અને બોલનારા પોતાની બુદ્ધિ ઉપર અતિશય વિશ્વાસ મૂકી પોતે પોતાની બુદ્ધિનો ગર્વ ધારણ કરી મોટી ભૂલ કરતા હોય છે. એનો આપણે વિચાર કરવો જોઇએ.

જેઓ પોતાની બુદ્ધિ ઉપર જે અતિરિક્ત વિશ્વાસ રાખે છે તેઓએ એ સમજવાની જરૂર છે કે, પોતાની બુદ્ધિ એ કાંઇ આદર્શ કે સંપૂર્ણતાનો નમૂનો નથી. દરેક માણસના ક્ષયોપશમને આધારે મનુષ્યની બુદ્ધિનો વિકાસ થતો હોય છે. જે ઘટના સામાન્ય માણસને સહજ બનેલી, બુદ્ધિગમ્ય કે સ્વાભાવિક લાગતી નથી તે જ ઘટના વિશિષ્ટ કોટીના માણસને ચમત્કાર જેવી લાગતી નથી. પણ સહેજે બનતી ઘટના લાગે છે. અમુક કૃતિનો કે તપનો એ પરિપાક લાગે છે. એ ઉપરથી જણાય છે કે, જેમ જેમ બુદ્ધિનો વિકાસ થતો જાય છે તેમ તેમ તેની જાણવાની શક્તિ ખીલે છે. આપણે સમજવું પડે છે કે, આપણી બુદ્ધિની પણ કાંઈક મર્યાદા છે. તેથી વધુ વિકસિત બુદ્ધિ હોવી શક્ય છે. અને એવો પણ એક દિવસ ઊગશે કે આપણી બુદ્ધિ તદ્દન તુચ્છ અને નહીંવત છે એવો આપણને સાક્ષાત્કાર થશે. એકાદ અબુધ અને જંગલી જેવા માણસ સામે આપણે એમ કહેવાનો પ્રયત્ન કરીએ છીએ કે, આપણે હજારો માઇલ લાંબે ગવાઇ રહેલું ગાયન સાંભળી શકીએ છીએ. એટલું જ નહીં પણ કોણ ગાય છે અને તે કેવી હીલચાલ કરે છે એ પણ આપણે જોઈ શકીએ છીએ. આપણા કાન અને આંખ એટલે દૂરથી પણ સાંભળી અને જોઇ પણ શકે છે ત્યારે એ માણસ આપણને એક ઠગારા અને જૂઠું બોલનારા તરીકે ઓળખાવશે, કારણ એની બુદ્ધિને એમ બનવું અશક્ય જણાય છે. તેમજ આપણા કરતાં જેમની બુદ્ધિનું ક્ષેત્ર વધુ વિકસિત થએલું હોય અને જે વાસના દેહ, મનોદેહ અને બુધ્ધિના ક્ષેત્રમાં પોતાની ધ્યાન, ધારણા અને સમાધિના સાધનથી સુખેથી આવજા કરતા હોય તેમના અનુભવોને અને સિધ્ધિઓને આપણે તુચ્છકારી કાઢીએ એમાં આપણી જ બાલીશતા તરી આવે છે, એમાં જરાએ શંકા નથી. બુધ્ધિવાદીઓની જ્ઞાનશક્તિ ત્યાં અધૂરી લાગે એ બનવાજોગ છે. માટે જ કોઈપણ માણસે પોતાની મર્યાદિત એવી બુદ્ધિ ઉપર એટલો વધારે પડતો વિશ્વાસ નહીં મૂકતાં આપણા કરતાં વધુ બુદ્ધિશાળી માનવો જગતમાં હતા અને છે એ ભૂલવું નહીં જોઇએ. જે બુધ્ધિશાળીઓએ ઐહિક સુખોપભોગની લાલસા રાખ્યા વગર પોતાના અનુભવો લખી રાખ્યા છે તેનો અવશ્ય વિચાર કરવો જોઇએ.

જ્યારે આપણી બુદ્ધિ થાકી જઇ કામ કરતી ન હોય, અમુક ઘટના આપણી બુદ્ધિના ક્ષેત્રમાં આવી શકતી ન હોય ત્યાં આપણે એ ઘટના ખોટી જ છે એવો ઉતાવળીયો મત બાંધી લેવો એ આપણી અજ્ઞાનદશા છે એમાં શંકા નથી. જ્યાં આપણે વસ્તુની ઘટના જાણવામાં નિષ્ફળ નિવડીએ, આપણી બુદ્ધિ કામ ન કરે ત્યારે આપણી બુદ્ધિની મર્યાદા આવી જાય છે. અને ત્યારે જ શ્રદ્ધાનું ક્ષેત્ર શરૂ થાય છે; એ સમજી રાખવું જોઇએ. એ શ્રદ્ધા અને એનું ક્ષેત્ર કયું તેનો વિચાર એક દૃષ્ટાંત દ્વારા આપણે કરીએ.

જ્યારે કોઈ વિદ્યાર્થી સ્કૂલમાં ભણવા જાય છે ત્યારે તેની બુદ્ધિ બાલ્યાવસ્થામાં હોય છે. તેનો વિકાસ થએલો હોતો નથી. ત્યારે તેને સ્કૂલમાં તેમનું હિત થાય એવું જ્ઞાન નક્કી મળશે એવો વિશ્વાસ રાખવો પડે છે. એને જ આપણે શ્રદ્ધા કે સમ્યગ્દર્શન કહીએ છીએ. એટલો પણ ભલે આંધળો ગણાય એવો વિશ્વાસ રાખવો જ પડે છે. કોઇ વિદ્યાર્થી કહેશે કે, મારે આવો પ્રથમ દર્શને દેખાતો આંધળો વિશ્વાસ શા માટે મૂકવો ? એમ કહી બેસી રહે તો તેને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય ? એ માટે બીજાઓના અનુભવોનો ઉપયોગ શ્રદ્ધાથી કરવો જ પડે છે. અર્થાત્ દરેક ઠેકાણે આપણી બુદ્ધિ ઉપર જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ભર રહીશું તો આપણું જ્ઞાન અધૂરું જ રહેવાનું. એટલું જ નહીં પણ તેનો વિકાસ અટકી પડવાનો એ ધ્યાનમાં રાખવું જોઈએ. આપણી બુદ્ધિનો ઉપયોગ કરવો જ નહીં અને હમેશ શ્રદ્ધા જ રાખી આંધળુકિયા કર્યે જવા એવો અમારા લખવાનો આશય નથી. બુદ્ધિ છે તેનો ઉપયોગ કરવો એ આપણું કર્તવ્ય છે, પણ સાથેસાથે શ્રદ્ધા રાખવી એ પણ આપણું કર્તવ્ય છે એટલો જ અમારો કહેવાનો આશય છે.

જગતમાં આપણે અનેક કાર્યો કરવા પડે છે તેમાં શ્રદ્ધા કે વિશ્વાસ રાખવાનો પ્રસંગ ઘડી ઘડી ઉપસ્થિત થાય છે. અને આપણે તેવો વિશ્વાસ રાખીએ છીએ. આપણી બુદ્ધિમાં બેસે તો જ અમે કામ કરીશું એવો હઠ આપણે કરતા નથી. ડૉકટર ઉપર, વકીલ ઉપર, વાહન ઉપર અને ગ્રાહકો ઉપર આપણે વિશ્વાસ રાખીએ છીએ. એટલે જે જે ક્ષેત્રમાં જેનો જેનો અધિકાર કે જ્ઞાનનો વિકાસ થયેલો હોય તેની ઉપર વગર સંકોચે વિશ્વાસ કે શ્રદ્ધા રાખવી જ પડે છે, તેમ ઇંદ્રિયાતીત જ્ઞાન માટે પણ તજજ્ઞ એવા યોગીઓના શબ્દો ઉપર આપણે શ્રદ્ધા રાખવી પડે એમાં આશ્ચર્ય નથી. પણ આવી શ્રદ્ધા રાખતી વખતે એ શબ્દો કયા પ્રસંગે, કયા હેતુથી અને કઈ દૃષ્ટિથી બોલવામાં કે લખવામાં આવેલા છે તેનો વિચાર કરવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવો એ આવશ્યક વસ્તુ છે. કદાચ એમ પણ બને કે, આટલા પ્રયત્ન પછી પણ ઉકેલ ન મળે તો આપણે થોભી જઈ આપણા કરતાં વધુ જ્ઞાનીઓનો સંપર્ક સાધી તેમની પાસેથી ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમાં પણ સફળતા ન મળે તો યોગ્ય સમયની રાહ જોવી જોઈએ. કદાચ અકસ્માત આપણને જ એનો ઉકેલ મળી જવાનો સંભવ છે. એવા દાખલાઓ જગતમાં બનેલા છે, માટે જ એકદમ અશ્રદ્ધા કે અવિશ્વાસ રાખી જ્ઞાનીઓના વચનો ઉત્થાપવાનો વિચાર કરવો પણ ઉચિત નથી.

અમારો લખવાનો ઉદ્દેશ એટલો જ છે કે, બુદ્ધિ સાથે શ્રદ્ધા એ પણ મોટી શક્તિ છે એ ભૂલવું નહીં જોઈએ. અનેક અસાધ્ય અને અશક્ય જેવી લાગતી વસ્તુઓ પણ શ્રદ્ધાના બળથી સુલભ થાય છે, માટે જ શ્રદ્ધા એ પણ અમોઘ શક્તિ છે એ ધ્યાનમાં રાખી અશ્રદ્ધાળુ નહીં બનવું જોઈએ.


## પ્રભાવિક પુરૂષો :: ભાગ ત્રીજો —— લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી —— **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુંદર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધૂરું સ્વપ્ન

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

ત્રિકાળ વંદના. ગુરુ મહારાજ શાતામાં છો ને?

કોણ? શ્રેષ્ઠિવર્ય લખમસિંહ કે? કેમ આજે આવશ્યક ક્રિયા વેળા દેખાયા નહીં?

ગુરુ મહારાજ, સંસારસ્થ જીવડાને ઓછી જ એક જાતની ઉપાધી છે? કોઈ વાર ધંધાની, તો બીજી વાર કુટુંબની. જ્ઞાની ભગવંતોએ કહેલું છે કે 'ઝાઝે ગુમડે ઝાઝું દુઃખ' એ ખોટું નથી. આમ છતાં આજનો સમય તો એક રીતે આપના સંબંધી અમુક ગચ્છના ઉપાસકોએ ઊભી કરેલી શંકાના નિરાકરણમાં જ ગયો! મારા પ્રયાસ છતાં મને લાગે છે કે તેઓના મનનું સમાધાન સર્વાંશે થયું નથી જ.

મહાનુભાવ! એવી તે શી વાત હતી કે જેનો વિષય હું બન્યો? વાંધો ન હોય તો કહી સંભળાવો. 'માનવ માત્ર ભૂલને પાત્ર' છે. જાણવાથી સ્ખલના થઇ હોય તો સુધારી શકાય. ઘણી વાર સમજુ ગણાતા મનુષ્યોને હાથે પ્રમાદાચરણ થઈ જાય છે; અને અન્ય વ્યક્તિ, એ પ્રતિ અંગુલીનિર્દેશ કરે ત્યારે જ એ તરફ લક્ષ્ય ખેંચાય છે.

ગુરુદેવ! આપ સરખા પવિત્ર સંતના જીવનમાંથી એવું તો કંઇ શોધી શકયા નથી! એક નજીવી વાતને કોઈ પણ જાતના સીધા સંબંધ વિના બીજી સાથે સાંકળી દઇ, મને તો લાગે છે કે અસૂયાથી પ્રેરાઇ ઊહાપોહ ઉઠાવાય છે. 'કાગનો વાઘ' બનાવાય છે.

જનસમૂહમાં સૌ કોઈ જાણે છે કે-શાસનદેવીના આગ્રહથી આપે અગિયાર અંગ માંહેલા શ્રી આચારાંગ અને સૂત્રકૃતાંગ નામના પ્રથમ બે સિવાયના બાકીના નવ અંગો ઉપર સંસ્કૃત ગીરામાં ટીકાઓ બનાવી છે, એ મહાકાર્યમાં આપનો અભ્યાસ, અનુભવ અને શાસ્ત્રમર્યાદા માટેનો આગ્રહ ખરેખર પ્રશંસાપાત્ર લેખાય છે. એ કાર્યમાં આપને ઓછો પરિશ્રમ નથી પડયો. એની અસર શરીર પર થાય જ. વળી પૂર્વ કર્મના ઉદયને લઈ કોઢ જેવો રોગ પણ આપને પીડા આપી રહ્યો છે. આ સ્થિતિ વેળા શાંત્વન આપવાને સ્થાને એમ પ્રચાર કરવો કે–

આચાર્ય મહારાજે ટીકાઓ રચવામાં ભૂલો કરી કે જેથી આજે ભયંકર રોગથી પીડાય છે. શ્રુતની આશાતનાના કારણે જ તેમની શરીરસ્થિતિ આ પ્રકારની થઇ છે!

મહાનુભાવ લખમસિંહજી, હં, આટલી જ વાત છે ને! એમાં મારે કંઇ જ દુઃખ ધરવાપણું નથી. મારા ચારિત્રજીવન સંબંધી જો કંઇ વાત હોત તો હું અવશ્ય વિચારણા કરત. આમાં તો 'મૂંડે મૂંડે મતિર્ભિન્ના' જેવું ગણાય. મને એટલો સંતોષ છે કે–મારું લખાણ વયોવૃદ્ધ શ્રી દ્રોણાચાર્ય મહારાજે શોધેલું છે. તેમના સરખા અનુભવી ગીતાર્થની એના ઉપર છાપ પડી છે. આમ છતાં ધ્યાનદ્વારા શકય બનશે તો શાસનદેવીની સાધના કરી સ્પષ્ટીકરણ માંગીશ.

ત્યાં તો જાગૃત માણસ બોલી નાંખે તેવી રીતે સ્વપ્નાવસ્થામાં લવી જવાયું કે અરે! આ તો સં. ૧૦૮૮ માં આચાર્યપદવી પામેલ નવાંગી ટીકાકાર બિરુદધારી **શ્રી અભયદેવસૂરિવાળો** પ્રસંગ.

કેમ જાણે આવી મોં–માથા વગરની ટીકાઓના સમાધાનરૂપે જ શાસનદેવી દોડી આવ્યા ન હોય તેમ નજિકના બીજા દૃશ્યમાં ગુરુદેવને કહી રહ્યા છે—

મહારાજ, હજુ આપશ્રીના વરદ હસ્તે મહત્ત્વના કાર્યો થવાના છે. મેં પૂર્વે જેમ નવ કોકડા ઉકેલાવી નવ અંગો પર ટીકા રચવાની પ્રેરણા કરી હતી તેમ હવે કહું છું કે આપ શ્રી સંઘ સહિત પ્રાતઃકાળે



For Private And Personal Use Only

સેઢી નદીના કિનારે જજો. જે સ્થળે ગાયના દૂધનું આકસ્મિક ઝરણ નિહાળો ત્યાંની ભૂમિમાં ખોદાણ કરાવજો. જે ચમત્કારિક બિંબે ઘણાના મનોરથની પૂર્તિ કરેલી છે તેના આપને દર્શન થશે. આપ વિદ્વાન્ છો એટલે પ્રભુની સ્તુતિ કરતાં જ કોઇ અદ્ભુત સ્તોત્રની રચના સ્ફુરી આવશે. અને એ નીલવર્ણી બિંબના ન્હવણ જળના છાંટણથી આપનો કોઢ રોગ દૂર થઇ જશે અને શાસનનો જય જયકાર થશે. ગુલબાંગો ઊડાડનારના મુખો એથી શ્યામ થઇ જશે.

ત્યાં તો પુનઃ ઉચ્ચાર થઇ ગયો કે-અહો! આ તો મારા માદરવતન ખંભાતના ખારવાડામાં વિરાજમાન **શ્રી સ્થંભણ પાર્શ્વનાથ**ની વાત. એ મૂર્તિની આરાધનાથી નાગાર્જુને રસસિદ્ધિ કરેલી એથી **સ્થંભણ પાર્શ્વનાથ** નામ પ્રચલિત બનેલું, એમાં આચાર્યશ્રીને એના પુનઃ દર્શન સેઢી નદીના કાંઠે આવેલ થાભણા ગામે થયા એ નિમિત્ત ઉમેરાયું અને કાળક્રમે એ પ્રભાવિક બિંબ તંબાવટીના આગણે આવી ગયું. ત્યારથી નગરી **સ્થંભણપુર** કે **સ્થંભણતીર્થ**રૂપે ખ્યાતિને પામી. આજે તો સ્વ. પ્રભાવિક આચાર્ય **શ્રી વિજયનેમિસૂરિજી**ના વરદ હસ્તે જેની પ્રતિષ્ઠા થયેલ છે એ નવીન પ્રાસાદમાં ચમત્કારી બિંબ વિરાજમાન છે. **પૂર્વે** જે જૂનું મંદિર હતું ત્યાંથી એ મૂર્તિ બે વખત લઇ જવામાં આવેલી; પણ લઇ જનાર એ ઝીરવી શક્યા નહીં! એ નીલવર્ણી નાનકડી પ્રતિમા હજારોના મનોરથ પૂરે છે. સ્વપ્નદશામાં વર્તી રહેલી વિચારણા આગળ વધે તે પૂર્વે તો એક સુંદર પટ્ટક આંખે ચઢ્યો. એમાં જે લખાણ હતું તે આ પ્રમાણે—

"સં. ૧૦૮૮ માં માત્ર સોળ વર્ષની વયે આચાર્યપદ પામેલા એવા 'ચંદ્રગચ્છ'ના પાછળથી ઓળખાયેલ 'ખરતર' ગચ્છના ઉપર્યુક્ત જિનેશ્વર તથા બુદ્ધિસાગરસૂરિ શિષ્ય **અભયદેવસૂરિ**એ જૈન આગમો પૈકી નવ પર સંસ્કૃત ટીકાઓ રચી અને તેથી **'નવાંગી વૃત્તિકાર'** કહેવાય છે. તે નવ અંગ નામે જ્ઞાતાધર્મકથા, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર તેમજ ઔપપાતિક-પ્રજ્ઞાપના અને અન્ય ગ્રંથો પર સંસ્કૃત ટીકા. પૂજ્ય **શ્રી હરિભદ્રસૂરિજી**ના પંચાશક પર વૃત્તિ તથા આરાધનાકુલક નામા સ્વતંત્ર ગ્રંથ પણ રચેલ છે. તેઓશ્રી સં. ૧૧૩૫ માં કપડવંજ શહેરમાં સ્વર્ગસ્થ થયા. ત્યાં આજે તેઓશ્રીની પાદુકા સ્થાપન કરાયેલ છે.

અરે, પણ આ છેલ્લા ચિત્રમાં તો કમાલ કરેલી છે! ગુરુદેવ સમીપ ઉપસ્થિત થઇને કેટલા શ્રમણો પ્રશ્ન કરી રહ્યા છે. જાણવા માંગે છે નિમ્ન વાત પર ગુરુદેવનું મંતવ્ય.

જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ કેવલી ભગવંતને એક સમયે જ હોય એમ પ્રખર તાર્કિક-શ્રી સિદ્ધસેન દિવાકરજી જણાવે છે. એની સામે આગમવાદી શ્રીમદ્ જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ વદે છે કે સાથે નહીં પણ સમયના અંતરાળે હોય. આ ઉપરાંત ત્રીજા એક વિદ્વાન્ વળી જૂદી જ વાત કહે છે. અમારે આમાંથી કઇ વાતનો સ્વીકાર કરવો? આપ સાહેબનું શું મંતવ્ય છે?

શિષ્યગણ! જ્યાં આજે કેવલજ્ઞાની મોજુદ નથી ત્યાં આ વિષય પર આગ્રહ સેવવાની કે વાડાબંધી કરવાની કંઇજ અગત્ય નથી. અલબત્ત જિજ્ઞાસાવૃત્તિથી વિચારણા થાય, એ સંબંધે મારી માન્યતા જે છે તે હું કહી સંભળાવું છું. એથી વિશેષ એક શબ્દ પણ મારા મુખમાંથી નહીં નિકળે. એ સર્વ મારે મન એક સરખા પૂજ્ય છે.

વાદીશિરોમણી સિદ્ધસેન દિવાકરજી જેમ **મહાન્** નૈયાયિક છે અને શ્રદ્ધાસંપન્ન વિદ્વાન્ છે તેમ ક્ષમાશ્રમણજીના આગમજ્ઞાનના અભ્યાસ માટે બે મત નથી જ. એમાંથી અમુકનું ખરું અને અમુકનું ખોટું કહેવાની મારી ગુંજાશ નથી. હું તો ઉભયના મંતવ્યો રજૂ કરી એટલું જ ઉમેરું છું કે-**'તત્વ કેવલી જાણે'** ધન્ય હો આવી પ્રખર બુદ્ધિમત્તાને!

(ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'ચન્દ્ર' ગચ્છના સિદ્ધસેનસૂરિ અને એમનો ગ્રન્થરાશિ

લેખક : શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન શ્રમણોમાં કેટલાક સમાનનામક મુનિવરો થયા છે. આવા એક તે 'સિદ્ધસેન' છે. આ નામના વિવિધ મુનિવરો છે. જેમકે (૧) સમ્મઈપયરણ, ન્યાયાવતાર, અને ઓછામાં ઓછી વીસ અને વધારેમાં વધારે બત્રીસ દ્વાત્રિંશિકાઓ રચનારા મહાતાર્કિક અને કવિરત્ન સિદ્ધસેન દિવાકર, (૨) તત્ત્વાર્થ સૂત્રના ટીકાકાર [1]સિધ્ધસેનગણિ, (૩) 'ચન્દ્ર' ગચ્છના સિદ્ધસેનસૂરિ અને (૪) એગવીસઠ્ઠાણપયરણ યાને ચઉસદ્દિ રચનારા સિદ્ધસેનસૂરિ. આ પૈકી અહીં ત્રીજા મુનિવર પ્રસ્તુત છે. એમની સુપ્રસિધ્ધ કૃતિ તે [2]નેમિચન્દ્રસૂરિકૃત પવયણસારૂદ્ધારની મહાકાય-૧૬૫૦૦ શ્લોક જેવડી વૃત્તિ છે. આ વૃત્તિ ઉપરાંતની એમની કોઈ કૃતિ અદ્યાપિ મળી આવી નથી તેથી તેમજ આ વૃત્તિ એમની ગુરુપરંપરા તથા એમના અનુપલબ્ધ ગ્રન્થરાશિ ઇત્યાદિ ઉપર પ્રકાશ પાડે છે એટલે એનો હું સવિશેષ વિચાર કરું છું—

વૃત્તિ—આ સંસ્કૃતમાં મુખ્યતયા ગદ્યમાં રચાયેલી વૃત્તિનો પ્રારંભ ત્રણ પદ્યોથી કરાયો છે. એમાં પહેલાં બે પદ્યમાં અનુક્રમે જૈન જ્યોતિ અને વિભુ વર્ધમાન યાને મહાવીરસ્વામીનું અનુક્રમે ગુણોત્કીર્તન છે. ત્રીજા પદ્યમાં પોતાના ગુરુના ચિન્તામણિ સમાન આદેશને લઇને શ્રેય માટે હું પ્રવચનસારની આ વૃત્તિ કરું છું એમ કહ્યું છે.

વૃત્તિના અંતમાં ૧૯ પદ્યની પ્રશસ્તિ છે. પહેલા પદ્યમાં ત્રણ બાબતનો ઉલ્લેખ છે—

(૧) આ સુબોધ વૃત્તિનું નામ [3]તત્ત્વજ્ઞાનવિકાશિની છે.

(૨) શિષ્યસમુદાયની અતિશય અભ્યર્થનાથી આ રચાઇ છે.

(૩) આ ગહન ગ્રંથની વૃત્તિ રચવામાં સિધ્ધાન્તાદિ વિચિત્ર શાસ્ત્રના સમૂહનું અવલોકન, પોતાના ગુરુનો ઉપદેશ તેમજ પોતાની પ્રજ્ઞા કારણરૂપ છે.

બીજા પદ્યમાં સદ્‌બુધ્ધિશાળીઓને પ્રસ્તુત વૃત્તિનું સંશોધન કરવાની વિજ્ઞપ્તિ કરાઈ છે. અને તેમ કરવા માટે આ વૃત્તિમાં નિમ્નલિખિત ત્રણ કારણો દ્વારા ઉદ્‌ભવેલી સિધ્ધાન્તવિરુધ્ધતાનો નિર્દેશ છે.

(૧) બુદ્ધિની મન્દતા, (૨) ચિત્તની ચલાચલતા અને (૩) શિષ્યસમુદાયને શાસ્ત્રના અર્થ સમજાવવાના કાર્યમાં રહેલી વ્યગ્રતા.

પદ્ય ૩–૧૬ માં વૃત્તિકારે પોતાની ગુરુપરંપરા વર્ણવી છે. પોતાના ગુરુ, પ્રગુરુ વગેરે પ્રત્યે પોતાનો આદરભાવ વ્યક્ત કર્યો છે અને એ પૈકી કોઇ કોઇની

1. એઓ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કરતાં પ્રાચીન નથી કેમકે તત્ત્વાર્થસૂત્રની ટીકા( પૃ. ૩૨૭)માં "વિશેષાવશ્યકકાર" એવા ઉલ્લેખપૂર્વક વિસેસાવસ્સયભાસમાંથી અવતરણો અપાયાં છે અને પૃ. ૧૧૧ માં વિસેસા૦ ની ગા. ૩૦૯૬ ઉધ્ધૃત કરાઈ છે.

2. એમણે આ ૧૫૯૯ ગાથાની કૃતિમાં ગા. ૨૩૫ માં આવસ્સયની ચુણ્ણિનો તથા ગા. ૩૦૩ તેમજ ૪૭૦ માં કોઇ શ્રીચન્દ્ર નામના મુનિવર્યનો ઉલ્લેખ કર્યો છે એટલું જ નહિ પણ એ મુનિવર્યના બે સ્તોત્રો ગા. ૨૮૭–૩૦૩ રૂપે તેમજ ગા. ૪૫૭–૪૭૦ રૂપે રજૂ કર્યાં છે. આમ સાતમું અને છેંતાળીસમું દ્વાર એ સ્વતંત્ર રચના નથી.

અહીં એ ઉમેરીશ કે જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ. ૨૭૧) પ્રમાણે ૩૦૮ મી ગાથામાં ચન્દ્રસૂરિનો ઉલ્લેખ છે. પરંતુ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રકાશિત આવૃત્તિમાં તો તેમ નથી, વિશેષમાં ચન્દ્રસૂરિ નહીં પણ શ્રીચન્દ્ર મુનિપતિ જોઇએ.

3 પવયણસારૂધ્ધારનુ વૃત્તિ સહિત સંપાદન આગમોધ્ધારક આનન્દસાગરસૂરિએ કર્યું છે. એમણે એના ઉત્તર ભાગના ઉપોદ્‌ઘાત( પત્ર ૫ અ )માં આ વૃત્તિનું નામ તત્ત્વપ્રકાશિની આપ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતિનો પણ ઉલ્લેખ કર્યો છે. આ ગુરુપરંપરા નીચે મુજબ છેઃ—

અભયદેવસૂરિ
|
ધનેશ્વરસૂરિ
|
અજિતસિંહસૂરિ
|
વર્ધમાનસૂરિ
|
દેવચન્દ્રસૂરિ
|
ચન્દ્રપ્રભ
|
ભદ્રેશ્વરસૂરિ
|
અજિતસિંહ
|
દેવપ્રભસૂરિ

આ પૈકી અભયદેવસૂરિ માટે વૃત્તિકારે બે વાત જણાવી છેઃ-(૧) એઓ ચન્દ્રગચ્છરૂપ ગગનને વિષે સૂર્ય સમાન છે અને (૨) એમણે **વાદમહાર્ણવ** રચ્યો છે. એ **વાદમહાર્ણવ**નું, તાર્કિકરૂપ અગસ્ત્ય દ્વારા તેમની વિસ્તૃત અને શુભ પ્રજ્ઞારૂપ અંજલિ (ખોબા)વડે ચિરકાળ પર્યંત પાન કરાતા છતાં વૃદ્ધિ પામે છે.

દેવપ્રભસૂરિ એ વૃત્તિકારના ગુરુ થાય છે. એમની પ્રશંસા પદ્ય ૧૨-૧૬માં કરાઈ છે. તેરમા પદ્યમાં **પ્રમાણપ્રકાશ**ના કર્તા તરીકે અને ચૌદમામાં **શ્રેયાંસચરિત્ર**ના પ્રણેતા તરીકે એમનો પરિચય અપાયો છે. જિ. ર. કો. (વિ. ૧)ના પૃ. ૨૬૮માં તેમજ પૃ. ૪૦૦માં આ બંને કૃતિઓની નોંધ તો છે, પણ કર્તા તરીકે **દેવભદ્ર**નો ઉલ્લેખ છે તે વિચારણીય જણાય છે.

આમ જે અહીં **વાદમહાર્ણવ, પ્રમાણપ્રકાશ** અને **શ્રેયાંસચરિત્ર** એમ ત્રણ ગ્રંથોનો ઉલ્લેખ છે એ પૈકી પહેલો પ્રકાશિત છે. ત્રીજો ગ્રંથ ૧૧૦૦૦ શ્લોક જેવડો જ. મ.માં રચાયેલો છે. એ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ કરાયો હોય એમ જણાતું નથી આની એક હાથપોથીની [1]અવતરણપૂર્વકની નોંધ "પત્તનસ્થપ્રાચ્યજૈનભાણ્ડાગારીયગ્રંથસૂચી (પ્રથમ ભાગ, પૃ. ૨૪૪-૨૪૬)માં લેવાઈ છે. આ દેવપ્રભસૂરિકૃત **પ્રમાણપ્રકાશ**નો શ્લો. ૧૮માં તેમજ **તત્ત્વબિન્દુપ્રકરણ**નો શ્લો. ૧૭માં ઉલ્લેખ છેઃ આ **તત્ત્વબિન્દુપ્રકરણ** અપ્રકાશિત હોય એમ જણાય છે.

સત્તરમા પદ્યમાં વૃત્તિકારે પોતાનું 'સિધ્ધસેનસૂરિ' એવું નામ, મૂળ ગ્રંથનું 'પ્રવચનસારોદ્ધાર' નામ તેમજ આ વૃત્તિની અતિસ્પષ્ટતા એમ ત્રણ બાબતો રજૂ કરી છે.

અઢારમા પદ્યમાં આ વૃત્તિના રચનાવર્ષ તરીકે કરિ-સાગર-રવિ એવો વૈક્રમીય વર્ષને અંગે શબ્દાંક આપ્યો છે. સાથે સાથે ચૈત્ર માસમાં પુષ્યાર્કદિને, શુક્લપક્ષની અષ્ટમીએ આ વૃત્તિ સંપૂર્ણ કર્યાનો ઉલ્લેખ છે. ઉપર્યુક્ત શબ્દાંકના બે અર્થ સંભવે છે. ૧૨૪૮ અને ૧૨૭૮ આ પૈકી પ્રથમ અર્થ આ વૃત્તિ સહિત મૂળના સંપાદક મહાશય આગમોદ્ધારક આનન્દસાગરસૂરિએ દર્શાવ્યો છે. જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૨૭૧)માં તો રચનાવર્ષ તરીકે વિ. સં. ૧૨૪૨ નો ઉલ્લેખ છે તો શું 'करि'ને બદલે 'कर' એવો પાઠ અન્યત્ર મળે છે ખરો ?

ઓગણીસમા—અંતિમ પદ્યમાં કહ્યું છે કે જ્યાં સુધી તારારૂપ મુક્તના ઉચ્ચ ચૂલાવાળા, ચન્દ્રરૂપ કળશવાળા અને ગગનરૂપ મરકતના છત્રને વિષે કનકગિરિ યાને મેરુ દંડ જેવો હોય ત્યાંસુધી આ વૃત્તિ જયવંતી વર્તો.

**અનુપલબ્ધ કૃતિઓ**—ઉપર્યુક્ત વૃત્તિમાં સિદ્ધસેનસૂરિએ પોતાની ત્રણ કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ હજી સુધી એકે મળી આવેલી જણાતી નથી, તો એ માટે ભંડારોમાં પૂરી તપાસ થવી ઘટે.

૧૮૭ આ પત્રમાં ઉપર્યુક્ત સિદ્ધસેનસૂરિએ

[1] પ્રારંભનાં બે પદ્યો અને અંતમાં પ્રશસ્તિનાં એકવીશ પદ્યો ઉદ્ધૃત કરાયાં છે. એ તમામ જ.મ.માં છે.

For Private And Personal Use Only

"तथा चावोचाच स्तुतिषु" ઉલ્લેખપૂર્વક એ સ્તુતિરૂપ કૃતિમાંથી નીચે મુજબનું એક અવતરણ આપ્યું છેઃ—

"जम्मि सिरिपासपडिमं
सन्तिकए करइ पडिगिहदुवारे ।
अज्ज वि जणो पुरिं तं
महुरमधन्ना न पेच्छन्ति ॥"

પાંચ પ્રકારના ચૈત્યો પછી મંગળ-ચૈત્યનું નિરૂપણ કરતી વેળા આ અવતરણ અપાયું છે. એ દ્વારા કહ્યું છે કે શાન્તિને અર્થે પ્રતિગૃહ દ્વાર ઉપર અદ્યાપિ જે નગરીમાં શ્રી પાર્શ્વની પ્રતિમા તે કરે છે તે અધન્ય, મથુરા પુરીને જોતા નથી.

પત્ર ૪૪૦ આમાં "तथा चाचक्ष्महि श्रीपद्मप्रभचरित्रे पुण्डरीकगणधरवक्तव्यतायां" ઉલ્લેખપૂર્વક વૃત્તિકારે પોતે જ. મ. માં રચેલા **પઉમપ્પહચરિય**માંથી નિમ્નલિખિત અવતરણ આપ્યું છેઃ—

"घणघाइकम्मकलुसं पक्खालिय सुक्कझाणसलिलेणं ।
चेत्तस्स पुण्णिमाए सम्पत्तो केवलालोयं ॥"

આનો ભાવાર્થ એ છે કે શુક્લધ્યાનરૂપ જળવડે ઘનઘાતિકર્મરૂપ મલનું પ્રક્ષાલન કરીને પુંડરીક ગણધર ચૈત્રી પૂર્ણિમાએ કેવલાલોકને-કેવલજ્ઞાનને પામ્યા.

વિવિધ તપની વિચારણા પ્રસંગે 'પુંડરીક' તપનું નિરૂપણ કરતી વેળા આ અવતરણ અપાયું છે.

૪૪૩ આ પત્રમાં અનેક તપના નિરૂપણ પ્રસંગે ગ્રન્થનું કલેવર વધી જવાના ભયથી વિશેષ ન કહેતાં અમારી રચેલી સામાચારી જોવી એમ વૃત્તિકારે નિમ્નલિખિત પંક્તિ દ્વારા કહ્યું છેઃ—

"तदर्थिना चास्मदुपरचिता सामाचारी निरीक्षणीया"

આમ અહીં **સામાચારી** નામની પોતાની કૃતિનો સિદ્ધસેનસૂરિએ ઉલ્લેખ તો કર્યો છે, પરંતુ એમાંથી કોઇ અવતરણ અપાયું નથી એટલે એ કૃતિ સંસ્કૃતમાં છે કે પાઇયમાં તેમજ એ ગદ્યમાં છે કે પદ્યમાં તે જાણવું બાકી રહે છે. બાકી સામાચારીને લગતી કેટલીક કૃતિઓ જ૦ મ૦ માં-પાઇયમાં છે અને આ વૃત્તિકારની ઉપર્યુક્ત બંને કૃતિઓ, એમણે રચેલી થુઇ તેમજ **પઉમપ્પહચરિય** પણ જ૦ મ૦માં અને તે પણ પદ્યમાં છે એટલે એમણે સામાચારીને લગતી કૃતિ જ૦મ૦માં અને તે પણ પદ્યમાં રચી હોય એવી કલ્પના કરી શકાય.

**ગ્રન્થરાશિ**—સિદ્ધસેનસૂરિએ એકંદર કેટલા ગ્રંથો રચ્યા તેનો ઉલ્લેખ જણાતો નથી તો એમણે રચેલા તમામ ગ્રંથોના નામ વિષે તો કહેવું જ શું? અત્યારે તો એમના ચાર જ ગ્રંથ હોવાનું જણાય છે, એનાં નામ ઇત્યાદિ નીચે મુજબ છેઃ—

| નામ | ભાષા | ગ્રન્થાગ્ર | પ્રકાશક | પ્રકાશનવર્ષ |
|---|---|---|---|---|
| (અજ્ઞાતનામક) થુઇ | જ૦મ૦ | ? | × | × |
| પઉમપ્પહચરિય | જ૦મ૦ | ? | × | × |
| પ્રવચનસારોદ્ધારવૃત્તિ | સંસ્કૃત | ૧૬૫૦૦ | હીરાલાલ હંસરાજ,<br>દે. લા. જૈ. પુ. સંસ્થા | ઇ. સ. ૧૯૧૪ ઇ. સ. ૧૯૨૨<br>અને ઇ. સ. ૧૯૨૬ |
| સામાચારી | ? | ? | × | × |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભોગ–એક સામાચારીવાલા સાધુઓને વસ્ત્રપાત્ર આપવા અને તેમની પાસેથી લેવાં, આ ત્રીજો ભાગો જાણુવો. ૪ ન દાનસંભોગ અને ન ગ્રહણુસંભોગ–પાસત્થાઆદિકને કંઇ પણ આપવું નહિ અને તેમની પાસેથી લેવું પણ નહિ, આ ચોથો ભાગો જાણુવો.

પ્ર૦ (૯૦) વાદ કેટલા પ્રકારનો અને તે વાદ સાધુઓએ કોની સાથે કરવો અને કોની સાથે ન કરવો ?

ઉ૦—વાદ ત્રણ પ્રકારે છે–૧ શુષ્કવાદ, ૨ વિવાદ, ૩ ધર્મવાદ. તેઓના લક્ષણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં આ પ્રમાણે કહ્યા છે:–

शुष्कवादो विवादश्च धर्मवादस्तथापरः ॥
राजन्नेष त्रिधा वादः कीर्त्तितः परमर्षिभिः ॥ १ ॥
अत्यन्तमानिना सार्धं, क्रूरचित्तेन वा दृढं ॥
धर्मद्विष्टेन मूढेन शुष्कवादः प्रकीर्त्तितः ॥ २ ॥
विजयेऽस्यातिपातादि लाघवं तत्पराजयात् ॥
धर्मस्येति द्विधाऽप्येषः तत्त्वतोऽनर्थवर्धनः ॥३॥
लब्धिख्यात्यार्थिना तु स्यात् दुःस्थितेनाऽमहात्मना ॥
छलजातिप्रधानो यः स विवाद इति स्मृतः ॥४॥
विजयो ह्यत्र सन्नीत्या दुर्लभस्तत्ववादिनः ॥
तद्भावेऽप्यन्तरायादि दोषोऽदृष्टविघातकृत् ॥५॥
परलोकप्रधानेन मध्यस्थेन तु धीमता ॥
स्वशास्त्रज्ञाततत्त्वेन धर्मवाद उदाहृतः ॥ ६ ॥
विजयेऽस्य फलं धर्मप्रतिपत्त्याद्यनिन्दितम् ॥
आत्मनो मोहनाशश्च नियमात् तत् पराजयात् ॥७॥

ભાવાર્થ—મહર્ષીઓએ વાદના ત્રણ ભેદ કહેલા છે. ૧ શુષ્કવાદ, ૨ વિવાદ, ૩ ધર્મવાદ. અત્યન્ત અભિમાની, દુષ્ટચિત્તવાલો અને ધર્મનો દ્વેષી મૂઢ એવાની સાથે જે વાદ કરવો તે શુષ્કવાદ, શુષ્કવાદમાં વિજય મળવાથી ધર્મની હાનિ અને પરાજય થવાથી ધર્મની લઘુતા થાય એટલે આ શુષ્કવાદ બન્ને રીતે અનર્થને વધારનાર છે. લાભની ઇચ્છાવાળા, ખ્યાતિની ભાવનાવાળા દુસ્થિત અમહાત્માની સાથે જે છલ, જાતિ હેત્વાભાસરૂપ વાદ કરવો તે વિવાદ કહેવાય, તત્ત્વવાદીને આ વાદમાં વિજય મળવો દુર્લભ છે, કદાચિત્ વિજય મળે તો પણ અદષ્ટ રીતે નુકશાન કરનાર અંતરાયાદિ દોષરૂપ જાણવો. પરલોકની પ્રધાનતા, માધ્યસ્થતાનો ગુણ, સ્વશાસ્ત્રનો જાણકાર એવા બુદ્ધિમાનની સાથે વાદ કરવો તે ધર્મવાદ કહેવાય, ધર્મવાદમાં વિજય થવાથી ધર્મની પ્રાપ્તિ આદિ અને પરાજય થવાથી પોતાના મોહનો અવશ્ય નાશ થાય, આ પ્રમાણે ધર્મવાદનું ફલ જાણવું, આ ત્રણ પ્રકારના વાદમાં સાધુઓએ કારણ હોય તો ધર્મવાદ કરવો, પણ બીજા બે વાદ કરવા નહિ, તે ધર્મવાદ પણ સાધ્વીઓની સાથે ન જ કરવો, તેમજ સાધ્વીઓએ પણ સાધુઓની સાથે વાદ ન કરવો, કરે તો પ્રાયશ્ચિત્ત આવે. એ પ્રમાણે એક સામાચારીવાળા સાધુઓની સાથે અને પાસત્થા આદિની સાથે પણ વિના કારણે વાદ ન કરવો, કારણ હોય તો કરવો પણ ખરો. શ્રી પંચકલ્પ ચૂર્ણીમાં કહ્યું છે કેઃ–

संभोइओ संभोइएण समं वायं करेइ कारणे ॥ परिक्खणा निमित्तं संभोगो सो पुण ॥

ભાવાર્થ—સાંભોગિક સાંભોગિક સાધુની સાથે કારણે વાદ કરે, તે સંભોગ પણ પરીક્ષા નિમિત્તે હોય, છલ–જાતિરૂપ હેત્વાભાસ રહિત પક્ષ અને પ્રતિપક્ષનું ગ્રહણ કરવું તે વાદ કહેવાય.

संभोइओ संभोइएण समं निक्कारणे वादं करेइ पायच्छित्तं विसंभोगो वा, एवं पासत्थाईहिं वि कारणे पुण जइ न करेइ पायच्छित्तं विसंभोगो वा, संजईहिं संभोइयो संभोइयाहिं कारणे निक्कारणे वा वायं करेइ पायच्छित्तं विसंभोगो वा, एवमेव "संजईण वा"

ભાવાર્થ—એક સામાચારીવાળો સાધુ પોતાની સામાચારીવાળા સાધુઓની સાથે વિના કારણે વાદ કરે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, એવી રીતે કારણે પણ પાસત્થાઆદિની સાથે જો વાદ ન કરે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે સાંભોગિક સાધુ સાંભોગિક સાધ્વીઓની સાથે કારણે કે વિનાકારણે વાદ કરે તો વિસંભોગ પ્રાયશ્ચિત્ત આવે, એ પ્રમાણે સાધ્વીઓને માટે પણ સમજવું ॥ ૯૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ (૯૧) શક્તિશાળી સમર્થ સાધુએ દુષ્ટ રાજા આદિથી પીડાતા ઉત્તમ સાધુઓને જે પ્રકારે સહાય કરાય તે પ્રકારે ચારિત્રહીન વેષધારીઓને પણ સહાય કરે કે નહિ ? તેમજ દેવદ્રવ્યનો હરણ કરનારા અથવા ચૈત્યાદિનો નાશ કરનારા દુષ્ટ રાજાદિને શિક્ષા કરે કે નહિ ? તથા દેરાસર માટે નવીન રૂપું, સોનું વિગેરે ઉત્પન્ન કરે, મેળવે કે નહિ ?

ઉ૦—ચારિત્રવંત સાધુને સર્વ પ્રકારે સહાય કરવી જોઇએ, અને ચારિત્રહીન સાધુને તો એક વાર સહાય કરીને પછી ઠપકો આપવો કે ફરી આવું અકાર્ય કરીશ તો અમે તને છોડાવશું નહિ, મર્યાદામાં રહેલ સાધુ ફરીને પકડાય તો સો વાર તેને છોડાવવો. શ્રી પંચકલ્પચૂર્ણિમાં એ પ્રમાણે જ કહેલ છેઃ-

समत्थेण साहुणा लिंगत्थाणं वि साहज्जं कीरइ "तत्र" चारित्रस्थितस्य सर्वप्रयत्नेन् कर्त्तव्यम् , यः पुनश्चारित्रहीनस्तस्य सकृत् कार्यं ।

**ભાવાર્થ**—સમર્થ સાધુ વેષધારીને પણ સહાય કરે, તેમાં ચારિત્રમાં રહેલ હોય તેને સર્વ પ્રયત્નવડે સહાય કરે, અને ચારિત્રહીન હોય તેને એકવાર સહાય કરે.

"तस्स पुणो काउं उवालब्भइ जउं पुणो एरिसं करेसि तो ते ण मोएमो ।

**ભાવાર્થ**—ચારિત્રહીનને એક વાર સહાય કરીને કહે કે ફરીને આવું કરીશ તો અમે તને છોડાવશું નહિ, વેષની અનુમોદના કરનાર, અપુષ્ટધર્મવાળા ચારિત્રહીનને પણ સંવિગ્ન સાધુની માફક સહાય કરે.

कयाइ मोइओ संतो पुणो वि घेपिज्जा किं मोएयव्वो न मोएअव्वो" उच्यते-"सयं पि वारा मोएयव्वो मज्जायापडिवन्नो"

**ભાવાર્થ**—ચારિત્રની મર્યાદામાં રહેલ સાધુ એક વાર છોડાવ્યા છતાં ફરી પકડાય તો તેને છોડાવવો કે નહીં ?

**સમાધાન**—મર્યાદામાં રહેલ હોય તેને સો વાર છોડાવવો, તથા દેરાસરને માટે સાધુએ નવીન રૂપું, સોનું વિગેરે દ્રવ્ય ઉપાર્જન કરવું નહિ. તે કામ ગૃહસ્થનું છે, સાધુનું નથી, જો ઉપાર્જન કરે તો જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધિ ન થાય. દેરાસર સંબંધી ક્ષેત્ર, રૂપું, સોનું, વાસણ વિગેરે જો વેષધારીઓ રાજબળથી હરણ કરે અથવા રાજાના સુભટો હરણ કરે ત્યારે તપ-નિયમમાં સમ્યક્ પ્રકારે પ્રવર્તેલ સાધુ જો ન મુકાવે અથવા મુકાવવાનો ઉદ્યમ ન કરે તો તેના જ્ઞાનાદિકની શુદ્ધિ થતી નથી અને આશાતના થાય છે.

**શંકા**—શી રીતે મુકાવે ?

**સમાધાન**—આવો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે પ્રથમ રાજા આદિને મધુર વચનથી શિખામણ આપે-સમજાવે અથવા ધર્મનો ઉપદેશ કરે. શિખામણ કે ઉપદેશથી ન માને તો મકાન કંપાવવું ભય, પીડા આદિ ઉત્પન્ન કરીને શિક્ષા કરવી. શ્રી પંચકલ્પ-ભાષ્ય ચૂર્ણિમાં કહ્યું છે કેઃ-

चेइअ निमित्त रुप्प हिरण्ण सुवण्णं अपुव्वं उप्पाएइ तस्स नाणादंसणाचरित्त मनो करणाइच्चाति करणसोही न भवइ, गाहा-खेत्तहिरण्णं जया पुण पुव्वपवत्ताणि खेत्तहिरण्ण दुपयचउप्पयाइं जया भंडं वा चेइयाणं लिंगत्था वा चेइयदव्वं राउलंबलेण खायंति, रायभडाई वा अच्छिदेज्जा तया तवनियमसंपउत्तो वि साहु जइ न मोएइ वा वारं वा न करेए तया तस्स नाणाइसुद्धी न भवइ आसायणाय भवइ, एवं समुप्पण्णे कज्जे रायाईणं पुव्वं अणुसिट्ठी कीरइ, धम्मो वा से कहिज्जइ, अणिच्छंतस्स अंतद्धाणेण वा अवहरंति उसो वेडं पासायं वा कंपेति,

આ પાઠનો સાર ઉપર આવી ગયેલ છે તેથી ફરી લખવાની જરૂર નથી.

कुलगणसंघचेइय विणासाईसु कारणेसु नाणदरिसणचरित्ता इयं पडिसेवमाणो सुद्धो जयणाए ॥ १९८ ॥

**ભાવાર્થ**—કુલ, ગણ, સંઘ, જિનમંદિરના વિનાશના કારણો ઉપસ્થિત થયા હોય ત્યારે જ્ઞાનદર્શન-ચારિત્રમાં યતનાપૂર્વક અતિચારનું સેવન કરે તો પણ શુદ્ધ મનાય ॥ ૯૧ ॥ ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीमद् देवचन्द्रजी का एक अप्रकाशित पद

ले. अगरचन्द नाहटा

श्वेताम्बर जैनसमाज के अध्यात्मी मुनियों में श्रीमद् देवचन्द्रजी का अत्यन्त महत्त्वपूर्ण स्थान है। उनकी प्रत्येक रचना तत्त्वज्ञान, अध्यात्म, भक्ति और स्याद्वाद से ओतप्रोत है। उनकी रचनाओं का संग्रह स्वर्गीय बुद्धिसागर-सूरिजीने विशेष प्रयत्नपूर्वक करवाकर अध्यात्म-ज्ञानप्रचारक मंडल-पादरा से २-३ भागों में प्रकाशित करवाया था। उसके पश्चात् हमारी खोज से कुछ रचनाएँ और मिली, जिन्हें यथासमय प्रकाशित कर दिया गया था। अभी डेरागाजीखान की हस्तलिखित प्रतियाँ, जो जयपुर के आदर्शनगर के दिगंबर जैन मंदिर में देखने को मिली, उनमें एक गुटका सं. १७४८ का लिखा हुआ बनारसीविलास का है। उसमें उसके अन्त में कुछ पद एवं स्तवन आनन्दघन, समयसुन्दर, बधु आदि कवियों के भी हैं। एक पद श्रीमद् देवचन्द्रजी का भी उनमें मिला, जो अभी तक अप्रकाशित होने से यहाँ प्रकाशित किया जा रहा है। इस पद में बड़े ऊंचे आध्यात्मिक भाव है। सुमति आत्मा से संबोधित करते हुए कह रही है कि अपने अनुभव घर में बसो।

## आत्मा से सुमति की प्रेरणा

(राग मारु)

पीयु मोरो हो, सांभलि पीयु मोरा हो।<br>
निज अनुभव घर में वसौ,<br>
ए मानिनि होरा हो ॥१॥सां०॥

मिथ्यामत दूरे हरो,<br>
करो ज्ञान सजोरा हो।<br>
पर जीय की मति लागकै,<br>
क्युं भूलत बोरा हो ॥२॥सां०॥

समता कहे साहिब अम्हे,<br>
सेवक नित तोरा हो।<br>
ए कुल्टा आई कहा,<br>
सो तो कहो भोरा हो ॥३॥सां०॥

राचि रहे इनकी संगतसुं,<br>
ज्युं शशी चित्त चकोरा हो।<br>
मुंह मिठी दिलरी छिठी ए,<br>
अनुभव की चोरा हो ॥४॥सां०॥

देवचन्द्र अरु सुमति मिले जब,<br>
भागो भ्रम सोरा हो।<br>
तब निजगुण इक वल्लभ लागत,<br>
अंवर न लाख करोरा हो ॥५॥सां०॥

यह पद श्रीमद् देवचन्द्रजी के प्रारंभिक जीवन में रचित है। सिन्ध प्रान्त में उनकी आध्यात्मिक रूचि बढ़ी, और वहां ज्ञानार्णव को ढालबद्ध बनाया। इसीके आसपास का ही यह पद हैं। अहमदावाद और सौराष्ट्र में शेष जीवन उन्होंने बिताया था। अतः उधर के भंडारों में खोज करने पर और भी रचनाएँ मिलनी चाहिए। गुजरात-सौराष्ट्र के ज्ञानभंडारों में खोज की जाय।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુ અને શ્રાવકના ભેદ

લેખક : મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી

सामइयंमि तु कए समणो इव सावओ हवई ॥

સામાયિક કર્યું હોય ત્યારે જ, નહિ કે શેષ કાલે, સાધુ જેવો શ્રાવક બને છે, પણ સાધુ જ બનતો નથી. જેમ સમુદ્ર જેવું તલાવ, પણ તે તલાવ સમુદ્ર જ નથી. બંનેમાં ઘણા ભેદ (તફાવત) હોય છે. તેમ સાધુ અને શ્રાવકમાં પણ ઘણા ભેદ હોય છે, તે નીચે પ્રમાણે જણાવાય છે.

| સાધુ | શ્રાવક |
| --- | --- |
| ૧. આસેવન શિક્ષા-સંપૂર્ણ ચક્રવાલસામાચારી સદા પાળે | સામાયિકમાં પણ સંપૂર્ણ ચક્રવાલસામાચારી ન પાળે. સામાચારીનું અજ્ઞાન અને અસંભવ તેને છે. |
| ૨. ગ્રહણ શિક્ષા-સૂત્ર અને અર્થથી જઘન્યથી અષ્ટપ્રવચન-માતાનું જ્ઞાન. ઉત્કૃષ્ટ બિંદુસાર પર્યંતનું જ્ઞાન | જઘન્યથી સૂત્ર અને અર્થથી અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન. જ્યારે ઉત્કૃષ્ટથી સૂત્રથી ષડ્જીવનિકા અધ્યયન સુધીનું જ્ઞાન. અર્થથી પિંડેષણા અધ્યયન સુધીનું જ્ઞાન. |
| ૩. ત્રિવિધ ત્રિવિધે પચ્ચખાણ | દ્વિવિધ ત્રિવિધ સામાન્યથી બહુલતાએ પચ્ચક્ખાણ. |
| ૪. ઉપપાત-ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધે, જઘન્યથી સૌધર્મે. | ઉત્કૃષ્ટથી અચ્યુતમાં, જઘન્યથી સૌધર્મમાં. |
| ૫. સ્થિતિ-ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. જઘન્યથી પલ્યોપમપૃથક્ત્વ. | ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમ, જઘન્ય એક પલ્યોપમ. |
| ૬. ગતિ-વ્યવહારથી સાધુ પાંચે ગતિમાં જાય. કુણાલાના દૃષ્ટાંતથી કુરટ અને ઉત્કુરટ નરકમાં ગએલા સંભળાય છે. | ચારે ગતિમાં જાય. મોક્ષગતિમાં ન જાય. |
| બીજા એમ કહે છે કેઃ-સાધુ દેવગતિ અને મોક્ષે જાય. | શ્રાવક ચારે ગતિમાં પણ જાય. |
| ૭. કષાય-કષાયના ઉદયને આશ્રી સંજ્વલનની અપેક્ષાએ ૪-૩-૨-૧ કષાયવાળો અને અકષાયી પણ હોય છદ્મવીતરાગાદિ. | બાર કષાયના ઉદયવાળો કે ૮ કષાયના ઉદયવાળો હોય. અનંતાનુબંધી છોડી બાર અવિરતને. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીને છોડીને ૮નો ઉદય દેશવિરતિ શ્રાવકને. |
| ૮. બંધ-મૂળ પ્રકૃતિની અપેક્ષાએ અષ્ટવિધ બંધક, સપ્તવિધબં, ષટ્વિધબં, કે એકવિધબં. હોય શૈલેશીમાં અબંધક હોય. | અષ્ટવિધ બંધક કે સપ્તવિધબંધક હોય. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| સાધુ | શ્રાવક |
|---|---|
| ૯. વેદના ૮-૭ કે ૪ પ્રકૃતિના વેદક. | નિયમા ૮ પ્રકૃતિના વેદક |
| ૧૦. પ્રતિપત્તિ-પાંચ મહાવ્રત સ્વીકારે. અથવાઃ- એક વખત સામાયિક સ્વીકારી સર્વકાળ ધારી શકે. | ૧-૨-૩-૪ કે ૫ અણુવ્રત સ્વીકારે. શ્રાવક તો વારંવાર સામાયિક સ્વીકારે. |
| ૧૧. અતિક્રમ-એક વ્રતના અતિક્રમે પાંચે વ્રતનો અતિક્રમ. | એક વ્રતના અતિક્રમે એક વ્રતનો જ અતિક્રમ. |
| ૧૨. 'સર્વ' શબ્દનો પ્રયોગ કરે. "सव्वं सावज्जं जोगं पच्चक्खामि." | સર્વ શબ્દનો પ્રયોગ ન કરે. 'सावज्जं जोगं पच्चक्खामि' અનુમતિ નિત્ય હોવાથી જેને નિરવશેષા વિરતિ નથી, તે શ્રાવક "सर्वं सावद्यं परित्यजामि" એમ કહે તો તે એ પ્રમાણે સર્વવિરતિવાદી પ્રત્યક્ષ મૃષાવાદિપણાથી દેશવિરતિ અને સર્વવિરતિથી ભ્રષ્ટ થાય છે. |

સામાન્યથી સર્વ સાવદ્યયોગનું પચ્ચક્ખાણ ગૃહસ્થીને અસંભવિત છે, કારણ તેને આરંભમાં અનુમતિનો નિષેધ નથી. અને કનકાદિમાં આત્મીય પરિગ્રહની નિવૃત્તિ નથી.

શ્રી ભગવતીમાં શ્રાવકને પણ ત્રિવિધત્રિવિધ પચ્ચક્ખાણ કહ્યું છે. પણ તે સામાન્યથી નથી કહ્યું. પણ અમુકને અને વિશેષ વિષયથી.

જે દીક્ષાની ઇચ્છાવાળો જ પુત્રાદિ સંતતિના પાલન માટે પ્રતિમા સ્વીકારે છે તે ત્રિવિધત્રિવિધ પચ્ચક્ખાણ કરી શકે છે. સ્વયમ્ભૂરમણના મત્સ્યાદિ કે સ્થૂલપ્રાણાતિપાતાદિ ત્રિવિધત્રિવિધ કરી શકે. કોઈ પણ સકલ સાવદ્ય વ્યાપારનું ત્રિવિધેત્રિવિધે પચ્ચક્ખાણ કરી શકે; શ્રાવક નહિ.

આ ત્રિવિધત્રિવિધ કોઈ અવસ્થાવિશેષમાં કે વસ્તુ વિશેષમાં કદાચિત જ અપવાદ છે. તેથી બહુલતાના પક્ષને આશ્રી દ્વિવિધત્રિવિધ કહ્યું પણ અલ્પતાએ ત્રિવિધત્રિવિધ પણ હોઈ શકે.

આ ભેદો જાણી પોતાની અવસ્થોચિત કર્તવ્ય સમજી અરેખર આત્મકલ્યાણ માટે જ્ઞાનીની આજ્ઞા મુજબ વિવેકીએ જીવન ઘડવા જેવું છે.


## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતા મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી સજ્ઝાય યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાત ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી ચત્રીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ : સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only